વિવેકાનંદ મંડળોના સભ્યો વચ્ચે ખેલ મહાકુંભ અંતર્ગત રમતગમત સ્પર્ધા કરવાના ખર્ચની <u>વહીવટી મંજૂરી આપવા બાબત.</u>

ગુ જ રા ત  સ ર કા ર,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વજઉ/ ૧૦૨૦૧૬/ ૩૩૧/ ફ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૭/ ૫/ ૨૦૧૬.

<u>વંચાણમાં લીધાઃ</u>-

(૧) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરનો તા.૨૨/૪/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ યસપ/૧૦૨૦૧૪/૧૭૭૨/બ.

(૨) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરનો તા.૮/૫/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ યસપ/૧૦૨૦૧૪/૨૮/બ.

(૩) કમિશ્નરશ્રી, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરનો તા.૪/૫/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ યસપ/યબઅ/ ચાલુ બાબત/ ૧૬-૧૭/ખ.૩.

(૪) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરનો તા.૧૯/૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ વજઉ/૧૦૨૦૧૬/૨૪૮/ફ.

<u>પ્રસ્તાવતાઃ</u>-

" <u>સ્વામી વિવેકાનંદની ૧૫૦-મી જન્મજયંતિ ઉજવણી</u> " ના ભાગરૂપે, સમાજના વિવિધ વર્ગોને એકજૂથમાં સામેલ કરીને સ્વામી વિવેકાનંદના જીવનનો સંદેશો અને ફીલોસોફીમાંથી, આજના યુવાનો પ્રેરણા લઇ, તેઓના વ્યક્તિ ઘડતર અને રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બની શરે તેવા શુભઆશયથીઃ ગુજરાતભરમાં "સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો સ્થાપી" ને, તેના ધ્વારા સરકારી યોજના, ગ્રામીણ યુવાન સુધી પહોંચી, સંગઠનાત્મક વ્યવસ્થાની સફળ અમલવારીથી તેમજ સ્વામી વિવેકાનંદના વિચારો ગ્રામ્ય વિસ્તારના અંતરીયાળ વિસ્તારોમાં/ ખૂણે-ખૂણે કઇ રીતે સક્રિય કાર્યાન્વિત કરવા, સફળ અમલીકરણ કરવું સદરહુ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વઃ</u>-

ઉક્ત બાબતે સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે ગ્રામ્ય કક્ષાએ સ્વામી વિવેકાનંદ યુવક મંડળ અને તાલુકા અને જીલ્લા કક્ષાએ તેમજ મહાનગર કક્ષાએ સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રોની રચના કરવામાં આવેલ છે. તે સભ્યો વચ્ચે ગતિશીલ ગુજરાતના બે વર્ષ પૂર્ણ થતાં, તારીખઃ ૨૨/૫/૨૦૧૬ થી તા.૨૬/૫/૨૦૧૬ દરમ્યાન, તાલુકા કક્ષાએ, જીલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએઃ ખેલ મહાકુંભ યોજના અંતર્ગત રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરેલ છે, જેના માટે રૂ. ૩ કરોડના ખર્ચનો અંદાજ છે. જે માટેઃ વિભાગની EDN - 52 યોજના હેઠળ, વિવેકાનંદ યુવક મંડળોને સંગીન બનાવવા માટે, વર્ષઃ ૨૦૧૬-૧૭ માં, રૂ. ૨.૦૯ કરોડમાંથી રૂ. ૧ કરોડ અને SAG - ખેલ મહાકુંભઃ ૨૦૧૬-૧૭ માં રૂ. ૩૮.૮૭ કરોડમાંથી રૂ. ૨ કરોડ મેળવીને, કુલ રૂ. ૩ કરોડ ની તેમની મંજૂર રહેલ યોજનાઓમાંથી ખર્ચ કરવાનો અંદાજ રજૂ કરેલ છે. અને તે મંજૂર કરવા બંને કચેરીઓએ સંયક્ત દરખાસ્ત કરેલ છે.

જે વિભાગ ધ્વારા સંબંધિત કચેરીને આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતે, ઉક્ત હેતુ માટે ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ, કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના ચાલુ નાણાંકીય વર્ષઃ ૨૦૧૬-૧૭ માટે કરવામાં આવેલ બજેટ જોગવાઇઃ "માંગણી ક્રમાંકઃ ૯૮, મુખ્ય સદરઃ ૨૨૦૪, ખેલકુદ અને યુવક સેવા, પેટા મુખ્ય સદર – ૦૦, ગૌણ સદરઃ ૧૦૩ વિદ્યાર્થીઓ સિવાયના યુવકો માટે કલ્યાણ કાર્યક્રમ, પેટા સદરઃ ૦૨, EDN – 52, યુવક કલ્યાણની સંકલિત યોજના, સબ હેઠઃ ૫૦૦૦ અન્ય ખર્ચ આયોજન" હેઠળ ઉધારવાનો રહેશે. તથા SAG - ખેલ મહાકુંભઃ યોજના હેઠળ રૂ. ૨ કરોડની મર્યાદામાં, ચાલુ નાણાંકીય વર્ષઃ ૨૦૧૬-૧૭ માટે કરવામાં આવેલ બજેટ જોગવાઇઃ "માંગણી ક્રમાંકઃ ૯૮, મુખ્ય સદરઃ ૨૨૦૪, ખેલકુદ અને યુવક સેવાઓ- ૧૦૪- ખુલકુદ અને રમતો- ગૌણ સદરઃ ૦૬ – ઇડીએન-૫૪- ગુજરાત ખેલકુદ સત્તા મંડળ હેઠળ ખેલકુદ પ્રવૃત્તિઓનું વિસ્તરણ- પ્લાન સદરે " થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે. ઉક્ત હેતુની સંયુક્ત દરખાસ્તને સંયુક્ત રીતે કામગીરી કરવા આ હુકમો વિભાગની સરખા ક્રમાંકઃ વજઉ- ૧૦૨૦૧૬- ૩૪૧- ફ, તા.૧૭/૫/૨૦૧૬ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧૭/૫/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપ સચિવ,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર (પત્ર ધ્વારા).
સર્વે માનનીય મંત્રીશ્રીઓ, સચિવાલય, ગા;ધીનગર.
સર્વે રાજય કક્ષાના માન. મંત્રીશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય સચિવશ્રી, મુખ્ય સચીવશ્રીનું કાૃયાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ... ગુજરાત રાજ્ય, (કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાં.પ્ર.ની કચેરી મારફતે)
કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર.
ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રીઓ... (કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાં.પ્ર.ની કચેરી મારફતે)
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ... (કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાં.પ્ર.ની કચેરી મારફતે)
સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ... (કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાં.પ્ર.ની કચેરી મારફતે)
સર્વે જીલ્લા રમત-ગમત અધિકારીશ્રીઓ... (કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાં.પ્ર.ની કચેરી મારફતે)
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ.
બજેટ શાખા/ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
વેબસાઇટ ઇન્ચાર્જશ્રી, વિભાગનો ઉક્ત ઠરાવ ઓનલાઇન મુકવા અંગે.
સિલેકટ ફાઇલઃ શાખા.
સિલેકટ ફાઇલઃ નાયબ સેકશન અધિકારી